RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 192 * Date: 03.05.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ઉત્તર ભારતમાં મેઘરાજાનો કહેર, દિલ્હી-NCRમાં વૃક્ષો ધરાશાયી



ઉત્તર ભારતના અનેક ભાગોમાં શુક્રવારે સવારે ભારે વાવાઝોડા સાથે ભારે વરસાદ પડ્યો છે, જેના કારણે સાત લોકોના મોત થયા હતા. દિલ્હી અને એનસીઆરમાં વાવાઝોડા અને વરસાદને કારણે ઘણી જગ્યાએ વૃક્ષો પડી ગયા હતા. અનેક સ્થળે ટ્રાફિક પણ જામ થઈ ગયો હતો અને ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. આ ઉપરાંત રાજધાનીમાં અનેક ફ્લાઈટો મોડી પડી રહી છે.શુક્રવારે સવારે દિલ્હીમાં ધૂળ અને ભારે પવન સાથે ત્રણ કલાક સુધી વરસાદ પડ્યો હતો, જેમાં અનેક ઠેકાણે ટ્રાફિક જામની સ્થિતિ અને ફ્લાઈટો મોડી પડી રહી છે. દિલ્હી, ગુરુગ્રામ, ફરીદાબાદ અને મથુરામાં વ્યસ્ત રહેતા રસ્તાઓ જળમગ્ન થઈ ગયા છે. તો અનેક જગ્યાઓ પર વૃક્ષો પણ ધરાશાયીની ઘટનાઓ બની છે. નફજગઢ વિસ્તારમાં એક મકાન ધરાશાયી થતા ૨૮ વર્ષિય મહિલા અને ત્રણ બાળકોના મોત થયા છે. મૂશળધાર વરસાદ અને ભારે પવનના કારણે રાજધાની દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર ૨૦૦થી વધુ ફ્લાઈટોના સંચાલનમાં વિલંબ થયો છે.મેઘરાજાએ ઉત્તર પ્રદેશમાં પણ ધડબડાટી બોલાવી અનેક રસ્તાઓ જળમગ્ન કરી દીધા છે. રાજ્યમાં વીજળી પડવાની જુદી જુદી ઘટનાઓમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં ફિરોઝાબાદમાં મનરેગા હેઠળ કામ કરતા બે મજૂરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એટા જિલ્લામાં વીજળી પડવાથી ૧૭ વર્ષની દિક્ષાનું મોત થયું છે, જ્યારે તેની નાની બહેન, પિતા અને ભાઈ પણ ઈજાગ્રસ્ત થયા છે.હવામાન વિભાગે ૩ અને ૪ મેના રોજ પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન ૩૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. સ્થઅે લોકોને સતર્ક રહેવા અને સાવચેતી રાખવાની સલાહ આપી છે.હિમાચલ પ્રદેશની રાજધાની શિમલા અને જુબ્બરહટ્ટીની આસપાસના ઘણા વિસ્તારોમાં કરા પડ્યા છે. આ ઉપરાંત કેટલાક સ્થળોએ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આવતા અઠવાડિયાના ગુરુવાર સુધી વાવાઝોડા, વીજળી અને ૩૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકવા માટે ઑરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ભારે વરસાદ અને ભારે પવનના કારણે શિમલામાં વૃક્ષો ધરાશાયી થવાથી અનેક કારને નુકસાન થયું છે.હવામાન વિભાગે મે મહિનાની આગાહીમાં મોટાભાગના સ્થળોએ મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્યથી ઉપર રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. પંજાબ અને હરિયાણાના ઘણા ભાગોમાં આખી રાત ભારે પવન સાથે વરસાદ પડવાને કારણે બંને રાજ્યોમાં તાપમાનમાં થોડો ઘટાડો થયો છે. સ્થાનિક હવામાન વિભાગે જણાવ્યું હતું કે, હિસાર, ભટિંડા અને ગુરદાસપુરમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો.

## કેદારનાથ ધામ મંદિરની જાણો ગાથા, પાંડવો અને નર-નારાયણ સાથે જોડાયેલો છે ઈતિહાસ

કેદારનાથ ભારત દેશના ઉત્તરભાગમાં આવેલા ઉત્તરાખંડ રાજ્યમાં રુદ્રપ્રયાગ જિલ્લામાં આવેલું છે, બાર જ્યોર્તિલિંગો પૈકીનું એક શ્રી કેદારનાથ મંદિર પ્રખ્યાત છે. હિમાલય ક્ષેત્રમાં આવેલું કેદારનાથ ધામ લગભગ ૬ મહિના બંધ રહે છે અને ઉનાળામાં ભક્તો માટે ખુલ્લું મૂકવામાં આવે છે. આજે શુક્રવાર, ૨ મે ૨૦૨૫ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે વિધિપૂર્વક વિધિ સાથે ભગવાન કેદારનાથ ધામના દરવાજા સામાન્ય ભક્તોના દર્શન માટે ખોલવામાં આવ્યા છે. આજે પહેલા જ દિવસે મોટી સંખ્યામાં ભક્તો બાબા કેદારનાથ તેમજ અખંડ જ્યોતના દર્શન માટે ઉમટી પડ્યા હતા. ભગવાન શિવજીના આ ધામનો ઈતિહાસ ભગવાન વિષ્ણુના અવતાર નર-નારાયણ, પાંડવો અને આદિગુરુ શંકરાચાર્ય સાથે




જોડાયેલો છે. આવો કેદારનાથ ધામ સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો જાણીએ...કેદારનાથ ધામ અંગે ઘણી માન્યતાઓ પ્રચલિત છે. શિવપુરાણના કોટિરુદ્ર સંહિતામાં લખ્યું છે કે, પ્રાચીન સમયમાં બદરીવનમાં ભગવાન વિષ્ણુના અવતાર નર-નારાયણ પાર્થિવ શિવલિંગ બનાવીને દરરોજ તેની પૂજા કરતાં હતા. નર-નારાયણની ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન શિવ અહીં પ્રગટ થઈને શિવે નર-નારાયણને વરદાન માંગવા કહ્યું હતું. ત્યારે નર-નારાયણે વરદાન માંગ્યું કે, ભગવાન શિવ કાયમ માટે અહીં રહે, જેથી અન્ય ભક્તો પણ સરળતાથી ભગવાન શિવના દર્શન કરી શકે. એટલે ભગવાન શિવે નર-નારાયણને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે, 'હું અહીં નિવાસ કરીશ અને આ વિસ્તાર કેદાર તરીકે ઓળખાશે.'અન્ય એક દંતકથા પ્રમાણે મહાભારત યુદ્ધ સમાપ્ત થયા પછી પાંડવો, કૌરવો અને અન્ય ભાઈઓની હત્યાના પાપમાંથી મુક્તિ મેળવવા ઈચ્છતા હતા. જેના માટે તેઓએ ભગવાન શિવની શોધમાં હિમાલય તરફ પ્રયાણ કર્યું. પાંડવોને આવતાં જોઈને ભગવાન શિવ અંર્તધ્યાન થઈ ગયા અને કેદારનાથમાં જઈને બેસી ગયા. જ્યારે પાંડવોને આ વાતની ખબર પડી ત્યારે તેઓ પણ કેદારનાથ પર્વત પર પહોંચી ગયા.જ્યારે પાંડવો કેદાર પર્વત પર પહોંચ્યા તો ભગવાન શિવે તેમને જોઈને ભેંસનું રૂપ ધારણ કર્યું અને પ્રાણીઓની વચ્ચે જતા રહ્યા. પાંડવોએ ભગવાન શિવના દર્શન કરવાની યોજના બનાવી. ત્યારબાદ ભીમે એક વિશાળ રૂપ ધારણ કર્યું અને કેદાર પર્વત પર તેના બંને પગ ઉપર ફેલાવ્યા.

## ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ ના અનુસંધાને સમી ગૌશાળામાં યોજાઈ ગૌ વિજ્ઞાન ગોષ્ઠી




પાટણ જિલ્લાના સમી ખાતે સમી ગૌશાળા માં ગૌવિજ્ઞાન ગોષ્ટિનું આયોજન કરવામાં આવેલું. જેમાં હિન્દુત્વ અને ગૌવંશ બાબતે વારંવાર ચિંતા કરનારા તેમજ સરખી વિચારસરણી વાળા વ્યક્તિઓ ભેગા થઈને ગૌ વિજ્ઞાન ગોષ્ટિનું આયોજન કર્યું .જેમાં સર્વશ્રી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિંદુપરિષદ ગૌરક્ષા વિભાગ ગુજરાત પ્રદેશ પ્રશિક્ષણ પ્રમુખ લાભુ દાદા. વિશ્વ હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંત માર્ગદર્શક સદસ્ય રામગીરી બાપુ.સમી તાલુકા સંઘચાલક કનુભાઈ જાની. વિશ્વ હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંત ધર્માચાર્ય ટોલી સદસ્ય નીતિનભાઈ વ્યાસ. સમી તાલુકા સમરસતા આર.એસ.એસ વિભાગના રસિકભાઈ દરજી. વિરલભાઈ પટેલ શિવમ ગૌશાળા સંડેર પાટણ ની ખાસ વિશેષ ઉપસ્થિતિ રહી હતી .જેમાં વર્તમાન સમયમાં ગૌવંશની સ્થિતિ... સરકાર દ્વારા ગૌવંશ પ્રત્યેનું રહેલું વલણ ...ગૌ આધારિત ખેતી. ગૌ આધારિત ઉત્પાદિત વસ્તુઓનું માર્કેટિંગ તેમજ જળ વાયુ શુદ્ધ રહે તેમજ લોકો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું તેમજ આવનારા સમયમાં ગૌ વંશ પ્રત્યે અને પ્રાકૃતિક ખેતી માટે એક વિશાળ લોક જાગૃતિ નુ આંદોલન ઉભું થાય તે માટે પણ ચર્ચા કરવામાં આવી

## મોડાસા ઈસ્કોન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા માં અમિત શાહ ના ધર્મપત્ની અને બહે ને આશીર્વાદ લીધા



મોડાસા તા.

અરવલ્લી જિલ્લા મોડાસા શહેરમાં વિશ્વભરમાં જેવો ભગવાન કૃષ્ણની ભક્તિનું આંદોલન ચલાવી રહ્યા છે એવા ઈસ્કોન મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ના કાર્યક્રમમાં દેશના ગૃહરાજ્યમંત્રી અમિત શાહ ના ધર્મપત્ની સોનલબેન શાહ અને બહેન ઈસ્કોન મંદિર મોડાસાના આમંત્રણ ને માન આપી ભગવાન કૃષ્ણ. ભગવાન શ્રીનાથજી. ભગવાન નરસિંહમાં. અને સંતોના આશીર્વાદ મેળવ્યા અમિત શાહના ધર્મપતિ સોનલબેન શાહ નું સ્વાગત અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી ઈસ્કોન મંદિરના પ્રમુખ મનુભીસ્ટમ દાસ ઈસ્કોન મંદિર સંતો મહંતો શહેરના સામાજિક કાર્યકરો ડો ઘનશ્યામ શાહ જીવદયાપ્રેમી નિલેશ જોશી પિયુષ પટેલ પ્રશાંત પટેલ અને શહેરીજનો દ્વારા ભગવાન કૃષ્ણના કીર્તન સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મંદિરના નિર્માણમાં ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ ના પરિવારનો પણ ફાળો રહેલો છે ત્યારે ઈસ્કોન મંદિર પ્રમુખ દ્વારા તેમનો આભાર માનવામાં આવ્યો હતો

## પ્રેમલગ્ન બાદ સંતાન પછી પરિણીતાને પસ્તાવાનો વારો: અન્ય સ્ત્રીઓના ચક્કરમાં પતિએ બાળકો સાથે તરછોડી

ગાંધીનગરના ધોળાકુવા ગામની ૩૬ વર્ષીય યુવતી, જે અમદાવાદના કોલ સેન્ટરમાં નોકરી કરતી હતી, તેના જીવનમાં દુઃખના દિવસોનો સામનો કરી રહી છે. યુવતીની ઓળખાણ ભાટ કોટેશ્વર ખાતેની સંગાથ નેનો સોસાયટીમાં રહેતા યુવક સાથે થઈ હતી, અને બંનેએ પ્રેમ સંબંધ પાંગરતા કોર્ટમાં રજીસ્ટર મેરેજ કર્યા હતા. આ લગ્નથી તેમને બે સંતાનો પણ થયા હતા. દરમિયાન પતિ દારૂડિયા પતિએપ્રથમ બે વર્ષ સુધી, આ દંપતીનું જીવન સુખમય રહ્યું, પરંતુ ત્યારબાદ સાસુના ઘરમાં કામકાજ બાબતે મહેણાં ટોણાં મારવા શરૂ કર્યા હતા. આ કારણે, દંપતી ભાટ કોટેશ્વર ખાતે રહેવા આવી ગયા હતા. પરંતુ અહીં પણ સાસુ પુત્રવધૂને આરોપ લગાવતી રહી કે, તે પુત્રને અલગ કરી રહી છે.યુવતીના પતિને દારૂ પીવાની ટેવ હતી, જેનાથી રાત્રે મોડે ઘરે



આવતો અને પત્નીને ઊંઘમાંથી જગાવીને બિનજરૂરી ઝગડો કરતો. પતિના અન્ય સ્ત્રીઓ સાથેના અવૈધ સંબંધો અને નણંદના ઉશ્કેરણાંએ પણ પરિસ્થિતિને વધુ ખરાબ બનાવી દીધી.આજથી ત્રણ મહિના પહેલા, પતિ નશામાં ધૂત થઈને ઘરે આવ્યો અને પત્ની અને બાળકોને ઘરમાંથી કાઢી મૂક્યા. બીજા દિવસે, જ્યારે યુવતી સામાન લેવા ગઈ, ત્યારે પતિ, સાસુ અને નણંદે ઝઘડો કર્યો અને સામાન આપવાની ના પાડી. પતિએ તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી.આ દુઃખદાયક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, યુવતીએ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટનાએ પ્રેમ લગ્નના પછાતના દુઃખદાયક પાસાઓને ઉજાગર કર્યા



## મોડાસાની ધી સર્વોદય સહકારી બેંકમાં બે પ્રોફેશનલ ડિરેક્ટર્સની નિમણૂક કરાઈ.

ધી સર્વોદય સહકારી બેંક લિમિટેડ મોડાસાની વ્યવસ્થાપક કમિટીની મિટિંગમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના માસ્ટર સર્ક્યુલર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ મુજબ બેંકમાં બે પ્રોફેશનલ ડિરેક્ટરની નિમણૂક કરવાની થતી હોય(૧) ગુલામ મોહમ્મદ એચ ખાલક( રીટાયર્ડ બેંક મેનેજર બેન્ક ઓફ બરોડા) (૨) અબ્દુલ કાદરજી શેખ (રિટાયર્ડ સહકારી મંડળી ઓડિટર) ની નિમણુક સર્વાનુમતે કરવામાં આવી જેને બેંકના ચેરમેન ઈકબાલ હુસેન જી ઈપ્રોલીયા તથા તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યોએ વધાવી અભિનંદન પાઠવેલ હતા

# બેન્કિંગ ક્ષેત્રે રિટેલ ધિરાણ વૃદ્ધિમાં ઘટાડો

રિઝર્વ બેન્કના સખત ધોરણોને પરિણામે સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં બેન્કિંગ ક્ષેત્રમાં રિટેલ ધિરાણ વૃદ્ધિ મંદ પડીને વાર્ષિક ધોરણે ૧૧.૬૦ ટકા રહી હતી જે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૭.૬૦ ટકા રહી હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. આમછતાં અન્ય સેગમેન્ટની સરખામણીએ સૌથી વધુ લોન્સ રિટેલ સેગમેન્ટમાં જોવા મળી રહી છે. રિઝર્વ બેન્ક દ્વારા રિસ્ક વેઈટ ધોરણ વધારી દેવાતા બેન્કોએ અનસિકયોર્ડ લોન છૂટી કરવાની ગતિ ધીમી કરવી પડી હતી. રિટેલ ધિરાણનો આંક નાણાં વર્ષ ૨૦૨૫ના અંતે રૂપિયા ૫૯.૫૦ ટ્રિલિયન રહ્યો હતો. અન્ય સેગમેન્ટ જેમ કે કૃષિ તથા સંલગ્ન પ્રવૃત્તિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રને ધિરાણની સરખામણીએ સૌથી વધુ ધિરાણ રિટેલ સેગમેન્ટમાં જોવા મળી રહ્યું છે.

રિટેલ ધિરાણમાં ખાસ કરીને અનસિકયોર્ડ લોનમાં ડિફોલ્ટમાં જોવા મળેલા વધારાને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્કે આ સેગમેન્ટની લોન માટેના રિસ્ક વેઈટને ૧૦૦ ટકા પરથી વધારી ૧૨૫ ટકા કર્યું હતું. જો કે હવે તેને પ્રસ્થાપિત કરાયું છે. બેન્કિંગ ક્ષેત્રમાં એકંદર ધિરાણ વૃદ્ધિ ઘટીને ગત નાણાં વર્ષમાં ૧૧ ટકા રહી હતી જે નાણાં વર્ષ ૨૦૨૪માં ૨૦.૧૧ ટકા જોવા મળી હતી. નાણાં વર્ષ ૨૦૨૫ના અંતે એકંદર ધિરાણનો આંક રૂપિયા ૨૭.૫૬ ટ્રિલિયન વધી રૂપિયા ૧૮૨.૪૦ ટ્રિલિયન રહ્યો હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. સમાપ્ત થયેલા નાણાં વર્ષમાં કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રને ધિરાણનો આંક વાર્ષિક ધોરણે ૧૦.૪૦ ટકા વધી રૂપિયા ૨૨.૯૦ ટ્રિલિયન રહ્યો હતો. ઔદ્યોગિક ધિરાણનો આંક ૭.૮૦ ટકા વધી રૂપિયા ૩૯.૪૦ ટ્રિલિયન જ્યારે સેવા ક્ષેત્રમાં ધિરાણમાં ૧૨.૪૦ ટકા વધી આંક રૂપિયા ૫૧.૬૦ ટ્રિલિયન રહ્યો હતો. આ વખતે કૃષિ અને સંબંધિત પ્રવૃત્તિઓ માટે આપવામાં આવેલી લોનમાં માત્ર ૧૦.૪% નો વધારો થયો છે, જ્યારે ગયા વર્ષે આ જ સમયે વૃદ્ધિ ૨૦% હતી. આ વખતે ઔદ્યોગિક ક્ષેત્રને આપવામાં આવેલી લોનમાં પણ ૮%નો વધારો થયો છે, જે ગયા વર્ષની ગતિ જેટલો જ છે. ઉદ્યોગની અંદર, પેટ્રોલિયમ, કોલસો, ધાતુઓ, મશીનરી અને બાંધકામ જેવા ક્ષેત્રોમાં સારી લોન વૃદ્ધિ જોવા મળી હતી, પરંતુ માળખાગત ક્ષેત્રમાં લોન વૃદ્ધિ થોડી ધીમી પડી છે.

# દેશમાં ઔદ્યોગિક ગતિવિધિઓ વેગવાન બની, મેન્યુફેક્ચરિંગ MI દસ માસની ટોચે ૫૮.૨



દેશમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓ વેગવાન બની છે. વૈશ્વિક પડકારો વચ્ચે મજબૂત ઓર્ડર બુક નોંધાતાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ગ્રોથ એપ્રિલમાં ૧૦ માસની ટોચે નોંધાયો છે. જૂન, ૨૦૨૪ બાદ ઉત્પાદનમાં આટલો મોટો વધારો જોવા મળ્યો છે. ૐજીમ્ઝ ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ એપ્રિલમાં વધી ૫૮.૨ થયો છે. જે માર્ચમાં ૫૮.૧ હતો. છેલ્લા દર મહિનાથી મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મજબૂત ગ્રોથ જોવા મળ્યો છે.ઔદ્યોગિક ગતિવિધિઓમાં ઉત્પાદન વધવા પાછળનું કારણ નવા ઓર્ડરમાં વૃદ્ધિ છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ગ્રોથ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને માગને ટેકો આપે છે. સર્વે અનુસાર, વૈશ્વિક સ્તરે અનેક પડકારો વચ્ચે આંતરરાષ્ટ્રીય ઓર્ડરમાં નોંધનીય વધારો જોવા મળ્યો છે. કુલ વેચાણમાં આંતરરાષ્ટ્રીય ઓર્ડરમાં વૃદ્ધિ છેલ્લા ૧૪ વર્ષની ટોચે છે. આ માગ મુખ્ય રૂપે આફ્રિકા, એશિયા, યુરોપ, મધ્ય પૂર્વ અને અમેરિકામાંથી જોવા મળી છે.

ચીફ ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે, એપ્રિલમાં નવા નિકાસ ઓર્ડરમાં ઉલ્લેખનીય વૃદ્ધિ ભારતની ઔદ્યોગિક ગતિવિધિઓ વિશ્વના ઉભરતા બિઝનેસ લેન્ડસ્કેપ અને ટેરિફની જાહેરાતને અનુકૂળ જણાય છે. આ સકારાત્મક પ્રવૃત્તિઓની સાથે રોજગાર અને કામગીરીમાં ઉલ્લેખનીય વૃદ્ધિ નોંધાઈ છે. ભાવના મોરચે, ભારતીય પ્રોડક્ટ્સની મજબૂત માગથી કંપનીઓની મૂલ્ય નિર્ધારણ શક્તિ વધી છે. જેથી વેચાણનો આંકડો ઓક્ટોબર, ૨૦૧૩ બાદથી સૌથી વધુ નોંધાયો છે. કાચા માલના ખર્ચમાં વૃદ્ધિની સાથે મૂલ્ય નિર્ધારણ શક્તિ વધતાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરની આવક વધી છે. એપ્રિલમાં મજબૂત આંકડાઓને ધ્યાનમાં લેતાં આગામી સમયમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ગ્રોથ વધવાની અપેક્ષા છે.

# રનવે નહીં એક્સપ્રેસવે પર ઉતર્યા ભારતના લડાકૂ વિમાન, રાફેલ અને મિરાજનું શક્તિપ્રદર્શન

ભારત-પાકિસ્તાન તંગદિલી વચ્ચે ગંગા એક્સપ્રેસવે પર આજે શુક્રવારે વાયુસેનાએ શક્તિ પ્રદર્શન કર્યા હતાં. શાહજહાંપુરના જલાલાબાદમાં બનાવવામાં આવેલા હવાઈ મથક પર રાફેલ, જેગુઆર, અને સુખોઈ જેવા લડાકૂ વિમાનો ઉતારવામાં આવ્યા છે. બપોરે ૧૨.૪૧ વાગ્યે વાયુસેનાનું છદ્ર-૩૨ વિમાન લેન્ડ થયુ હતું. વિમાને આશરે પાંચ મિનિટ સુધી ઉડાન ભરી હતી. ત્યારબાદ રનવે પર ઉતરાણ કરાવ્યું હતું. આશરે એક વાગ્યે આ વિમાન અહીંથી ટેકઓફ થયો હતો. રનવે પર વાયુસેનાના હેલિકોપ્ટર પણ લેન્ડ થયા હતા.ગંગા એક્સપ્રેસવે પર આશરે દોઢ કલાક સુધી લડાકૂ વિમાનોનું હવાઈ પરિક્ષણ થયું હતું. લડાકૂ વિમાનોએ હવામાં કરતબ બતાવ્યા હતાં. રાત્રે પણ આ રનવે પર લડાકૂ વિમાનો લેન્ડ થશે. દેશના ઈતિહાસમાં પહેલી વાર કોઈ એક્સપ્રેસ વે પર લડાકૂ વિમાનોનું નાઈટ લેન્ડિંગ થશે. કટરા-જલાલાબાદ હાઈવે આ લેન્ડિંગ દરમિયાન ત્રણ કલાક સુધી સંપૂર્ણપણે બંધ રહેશે.વાયુસેનાના આ એર શૉનો ઉદ્દેશ યુદ્ધ તથા આપાતકાલીન સ્થિતિમાં એક્સપ્રેસવેને વૈકલ્પિક રનવે તરીકે ઉપયોગ કરવાનો છે. ગંગા એક્સપ્રેસવે દેશનો પ્રથમ રનવે છે, જ્યાં લડાકૂ વિમાન રાત-દિવસ બંને સમયે લેન્ડિંગ કરી શકશે. સુરક્ષાના દ્રષ્ટિકોણથી રનવેની બંને બાજુએ આશરે ૨૫૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. વાયુસેનાએ રનવેને પહેલાં જ પોતાના અધિકાર ક્ષેત્રમાં લઈ લીધો હતો.

# ભારતીય ગ્રાહક થયો શાણો! ઊંચા ભાવે સોનું વેચવાના બદલે ગિરવે મૂકી લોન લેવાનું પ્રમાણ વધ્યું

સોનાના વિક્રમી ઊંચા ભાવની સાથે હંમેશા ભારતમાં જૂના ઘરેણા વેચી રોકડ ઉભી કરવાના પ્રયત્નો જોવા મળે છે. પરંતુ તાજેતરના આંકડાઓ દર્શાવે છે કે ભારતીય ગ્રાહકો વધારે શાણપણ દર્શાવી ઊંચા ભાવે સોના ગિરવે મૂકી ધિરાણ મેળવે છે. પરંતુ જૂના દાગીના વેચી રહ્યા નથી. જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૫ના કવાર્ટરમાં ભારતમાં ઘરેણાની માંગ ૨૫ ટકા ઘટીને માત્ર ૭૧ ટન રહી હતી. જે છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઓછી રહી હતી. સોનાના ઊંચા ભાવના કારણે દર વખતે જૂનું સોનું વેચવાનું પ્રમાણ વધે છે, પરંતુ આ ત્રણ મહિનામાં સોનું વેચવાનું પ્રમાણ ઘટેલું જોવા મળ્યું હતું.વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના અહેવાલ અનુસાર, જાન્યુઆરીથી માર્ચ વચ્ચે ભારતીયોએ ૨૬ ટન જૂનું સોનું વેચ્યું હતું. જે



૨૦૨૪માં આ કવાર્ટરમાં ૩૮.૩ ટન હતું. એટલે કે ૩૨ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. ગોલ્ડ કાઉન્સિલના અહેવાલ અનુસાર સોનાના ઊંચા ભાવે વેચાણનું પ્રમાણ દર્શાવે છે કે અગાઉના સમયમાં આર્થિક મંદી કે નાણા ભીંસના કારણે લોકો તરત જ વેચાણ કરતા હતા. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરુ કરેલાટ્રેડ વોરના કારણે અમેરિકા અને વિશ્વના અન્ય કેટલાક દેશોમાં મંદી કે અર્થતંત્ર નરમ પડે એવી શક્યતા છે. પરંતુ ભારતમાં ઘટી રહેલી મોંઘવારી, ઘટી રહેલા વ્યાજના દર વચ્ચે આર્થિક ભીંસ પ્રમાણમાં ઓછી જોવા મળે છે. જો કે, કાઉન્સિલ નોંધે છે કે સોના સામે સરળતાથી લોન મળી રહી હોવાથી લોકો એ વિકલ્પ પણ પસંદ કરી રહ્યા છે.

કાઉન્સિલના આંકડા અનુસારસના સોના સામે બેન્કોએ આપેલું ધિરાણ ફેબ્રુઆરીમાં ૮૭ ટકા વધી ગયું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આંકડા અનુસાર, ૨૧મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ઘરેણા-સોના સામે કુલ બાકી લોન ૧,૯૧,૧૯૮ કરોડ રૂપિયા છે, જે ફેબ્રુઆરી ૨૦૨૪માં ૧,૦૨,૦૦૮ કરોડ રૂપિયા હતી. કેલેન્ડર વર્ષ ૨૦૨૪ દરમિયાન ભારતીયોએ સોનાના સતત વધી રહેલા ભાવ વચ્ચે પોતાના હાથ ઉપર રહેલું ૧૧૪.૩ ટન સોનું વેચ્યું હોવાનું ગોલ્ડ કાઉન્સિલના આંકડા દર્શાવે છે. આ સમયમાં સોના સામે ધિરાણ ૭૧,૮૫૮ કરોડ વધી ડિસેમ્બર ૨૦૨૪ના અંતે ૧,૭૨,૫૮૧ કરોડ જોવા મળ્યું છે.

# માત્ર ૧૫૦ રૂપિયામાં હવાઈ મુસાફરી કરવી છે? તો આ લેખ વાંચો!

'રાજુ ઘરે છે?' રાજુના ઘરે જઈ મેં બૂમ પાડી. રોજ રાજ મારે ઘરે બેસણા કરે. આઈ મિન મિટિંગ કરે. યાર, તમે બેસણાનો ટિપિકલ અર્થને શું કામ વળગી રહો છો?

'આવો..આવો ગિરધરલાલ, અમારા ઘરે તમારા પાવન પગલા ક્યાંથી ?' રાજુ રદીએ સાદર અમારું સ્વાગત કર્યુ.

'રાજુ, તું કદી પ્લેનમાં બેઠો છે? તે હવાઈ મુસાફરી કરી છે?' મેં રાજુને પૂછયું.

'ગિરધરલાલ, હું વિનોબા ટ્રાવેલ્સનો કાયમી પેસેન્જર છું. બહુ બહુ તો જેન્ટસ સાઈકલ. ક્યારેક મોપેડ જેવું હાફ ફોરવ્હીલર મળે એટલે ભયોભયો. અમે રે પેસેન્જર બારમાસી છકડાના' રાજુએ બેસૂરા મહિષીકુમારના અવાજે ગીત લલકાર્યું .

'રાજુ પ્લેનમાં બેસવાની ઈચ્છા ખરી?' અમે રાજુની દુખતી નસ પર હાથ મુકયો.

'ગિરધરલાલ,ઈચ્છા તો અનંત હોય. ઈચ્છા વગરનો કોઈ માણસ હોય ખરો? મારે તો રદીના ભાવે તાજમહેલ કે કુતુબનિનાર લેવાની છચ્છા હોય. નેશનલ ક્રશ તૃપ્તિ ડમરી જોડે પ્રેમનું ડમરુ વગાડવું હોય. પરંતું વો દિન કહાં કે રાજુ રદી કી કિસ્મતમેં ફલાઈટમેં જર્ની?' રાજુએ સીધી વાત ન કરી. પરંતું, બકવાસ કર્યો.

'રાજુ, તારી પાસે દોઢસો રૂપિયા પડયા છે?' મે રાજુને પૂછયું.

'કેમ તમારે શાકપાંદડું ખરીદ કરવા માટે રૂપિયા ઉછીના જોઈએ છે?'રાજુ રદીએ બેવકૂફીભર્યો સવાલ પૂછી જ નાંખ્યો.

'રાજુ , હું પાનમસાલો ખાવા, સિગારેટ ફૂંકવા કે દારૂ ઢીંચવા તારી પાસે રૂપિયા માંગતો નથી.' મેં સફાઈ આપી.

'ગિરધરલાલ, તમે સરકારવાળી કરી. વિકાસના નામે ટેકસના રૂપિયા ઉઘરાવે અને ઉદ્યોગપતિમિત્રોના ૧૬ લાખ કરોડના દેવા માફ કરી દે. ગરીબ ગાય જેવી જનતાને દોહીને વરૂને દૂધ પિવડાવી દે!' રાજુએ સણસણતો આરોપ મુકયો.

'રાજુ હું ખરેખર તારા લાભ માટે દોઢસો રૂપિયા માંગું છું . આ રૂપિયાથી મારો મહેલ બની જશે નહીં અને તારું ઝૂંપડું તૂટી જશે નહીં.' મે રાજુને હૈયાધારણ આપી.

'ગિરધરલાલ, તમે મને પ્લેનમાં બેસાડવાનું કંઈક કહેતા હતા ૫.' રાજુએ સવાલ કર્યો.

'પ્લેનના ભાડા રાજકુમારીની જેમ દિવસે ન વધે એટલા રાતે અને રાતે ન વધે એટલા દિવસે વધતા હોય છે. પ્લેનના ભાડા વધવા માટે કાયમ શુકલ પક્ષ એટલે અજવાળિયું હોય છે. ક્યારેય વદ પક્ષ એટલે અંધારિયું હોતું નથી.' રાજુએ સચોટ તારણ કાઢ્યું.

'રાજુ, આપણા વિદ્યાર્થી ભણવાના નામે ડોલર કમાવા માટે વિદેશ જતા હોય એ સિઝનમાં વિમાનના ભાડા સાતમા આસમાને પહોંચે છે. એટલા રૂપિયામાં ચારધામની વકઝરિયુસ જાત્રા થઈ જાય.' મેં રાજુના તારણને સમર્થન આપ્યું.

'ગિરધરલાલ, ગયા ભવમાં પુણ્ય કર્યા હોય તે પ્લેનમાં મુસાફરી કરી શકે.બાકીના લોકો તો જમીન પર ઉભા રહી જિરાફ જેમ મોં ઊંચું કરી વિમાનને ઊડતું જોયા કરે. એક દિન આયેગા. અચ્છા દિન આયેગા. મૈં ભી પ્લેનમેં બેઠુંગા એવા મનોરથ સેવ્યા કરે!' રાજુએ વાસ્તવિકતા રજૂ કરી.

'રાજુ, અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનું રિક્ષાભાડુ કે ટેકસી ભાડું કેટલા રૂપિયા થાય?' મે સવાલ બદલ્યો.

'ગિરધરલાલ, અમદાવાદ -ગાંધીનગર જવા માટે ૪૫૦ થી ૬૦૦ રૂપિયા થાય. ઓટો રિક્ષાથી અમદાવાદ -ગાંધીનગર જવા માટે ૩૦૦ રૂપિયા ચુકવવા પડે. લોકલ શહેરમાં એક જગ્યાએથી જવા માટે રિક્ષાના ૨૦૦ રૂપિયા ચૂકવવા પડે' રાજુએ ભાડાપત્રક જણાવ્યું.

'રાજુ દસ મિનિટની હેલિકોપ્ટપ મારફત સીટી જોય રાઈડ કરવા માટે એર લાઈસન્સ કંપની ૧૫૦૦ કે ૨૦૦૦ રૂપિયા ચાર્જ કરે છે.' મે રાજુને વિગતોથી વાકેફ કર્યો.

'રાજુ, હું કહું કે તું ૧૫૦ રૂપિયામાં હવાઈ મુસાફરી કરી શકે તો તને કેવું લાગે ?' મે ગૂગલી ફેંકી.

'ગિરધરલાલ ગધેડાને તાવ આવે એવી તમે વાત કહેતા હો એવું લાગે. બાય ધી વે, તમને તાવબાવ આવેલ નથીને ?' આમ કહી રાજુએ મારા કપાળે હાથ મુકયો.

'રાજુ હવે તારી જેવી ખિસકોલીને હવાઈ મુસાફરીની સાકર માત્ર ૧૫૦ રૂપિયામાં ઝાપટવા મળશે.' આટલા રૂપિયામાં હોટલમાં સૂપ પણ મળતો નથી.' મે રાજુ આગળ ગાજર લટકાવ્યું.

'ગિરધરલાલ, ખરેખર? મારુ સપનું સાકાર થશે. મને અમદાવાદથી કયાં લઈ જશે? શહેરનું હવાઈ દર્શન કરાવશે?' રાજુએ સવાલોની ઝડી વરસાવી.

'રાજુ, અમદાવાદથી હવાઈ મુસાફરી શરૂ નહીં થાય. સીટી દર્શન કરવાનું નહી્, પરંતુ, બાકાયદા હવાઈ મુસાફરી કરવા મળશે એ પણ પૂરા ૧૪૭ કિલોમીટરની . પૂરી ૨૫ મિનિટની હવાઈ મુસાફરી કરવા મળશે ' મેં રાજુની ઉતેજના વધારી.

'ગિરધરલાલ, હવે તમે સસ્પેન્સ ફિલ્મની જેમ રહસ્ય ઘૂંટો નહીં.તમે બતાવો કે ૧૫૦ રૂપિયા લઈ મારે કયાં જવાનું છે?' રાજુની ઉત્કંઠા ચરમ પરમસીમએ પહોંચી હતી.રાજુનું મોં વિમાનના ઈમપજન્સી ગેટ જેમ સાનંદાશ્ચર્યમાં ખુલી ગયું.

'રાજુ ,તારે બોરિયા બિસ્તર પેક કરી આસામના તેજપુર પહોંચી જવાનું. તને ઉડાન હેઠળ તેજપુરથી લીલાબારી સુધી હવાઈ મુસાફરી કરવા મળશે.' મે રાજુને હવાઈ મુસાફરીની વિગતો આપી. મને એમ કે રાજુનો ચહેરો પોષી પૂનમની જેમ ખીલી ઉઠશે. પરંતું રાજુના ચહેરા પર હવાઈ ઉડવા લાગી!

'ગિરધરલાલ, મારે તેજપુર જવા માટે કેટલા રૂપિયા ખર્ચ રવાના? લંકામાં સોનું સસ્તું મળે તેવી વાત થઈ!આ તો ઘાટ કરતાં ઘડામણ મોંઘું પડે. આ ચીભડું બાર હાથનું છે, પરંતુ તેનું બી તેર સો હાથનું છે એનું શું?' રાજુ લગભગ રડમસ થઈ ગયો.

'રાજુ, એ તારો સવાલ છે!' એમ કહી મે ચાલતી પકડી. રાજુનું મોં રન વે ની જેમ ખુલ્લુને ખુલ્લું રહી ગયું!

ભરત વૈષ્ણવ

# આદિ શંકરાચાર્ય અદ્વૈત વેદાંતના સ્થાપક હતા, તેમનો સમય ઈ.સ. પૂર્વ ૫૦૯થી ઈ.સ. પૂર્વ ૪૭૭નો હતો.તેઓ હિંદુ ધર્મના બધા આચર્યોમાં સૌથી જાણીતા અને વંદનીય આચાર્ય છે. તેમના અનુયાયીઓ મુજબ તેઓ શિવનો અવતાર હતા.



તેમનો જન્મ કેરળના કલાડી ગામમાં પિતા શિવગુરુ અને માતા અમ્બાને ત્યાં થયો હતો. તેમનું મૂળ નામ શંકર હતું. બાળપણ પોતાનાં ગામ મા જ પ્રાથમિક શિક્ષણ મેળવી તેમણે ગૃહ ત્યાગ કરી દિધો.શંકરાચાર્યે નર્મદા નદીના કિનારે ગોવિંદપાદાચાર્ય પાસે સંન્યાસની દીક્ષા લીધી અને વેદાંત સાથે યોગનું પણ જ્ઞાન મેળવ્યું. એમ કહેવાય છે કે તેઓ પ્રયાગ ગયા, જ્યાં કુમારિલ ભટ્ટે અગ્નિ પ્રગટાવીને પોતાનો દેહ હોમ્યો હતો અને અર્ધા બળી ગયા હતા. શંકરે તેમને જ્ઞાનનો ઉપદેશ આપ્યો. કુમારિલ ભટ્ટે તેમને પોતાના શિષ્ય મંડનમિશ્રને મળીને તેની સાથે વિવાદ કરીને તેના ઉપર વિજય મેળવવા કહ્યું. શંકરને એવી એંધાણી મળી કે જ્યાં ઘરને બારણે મેના-પોપટ વેદનું ઉચ્ચારણ કરતાં હોય તે ઘર મંડનમિશ્રનું. શંકર ત્યાં પહોંચ્યા અને તેમની સાથે મીમાંસા અને વેદાંતના સિદ્ધાંત સંબંધી વાદ થયો, જેમાં મંડનમિશ્રનાં પત્ની સરસ્વતી કે ભારતી મધ્યસ્થી થયાં અને એમ નક્કી થયું કે મંડન હારે તો તેઓ સંન્યાસી થાય. સરસ્વતીએ શંકરાચાર્યના જયની ઘોષણા કરી અને મંડન સંન્યાસી બન્યા. ત્યારપછી શંકરાચાર્યે આખા હિન્દુસ્તાનમાં પ્રવાસ ખેડી ઉપનિષદોનો અદ્વૈતવાદ અને જ્ઞાનવાદ પ્રવર્તાવ્યો અને એના પ્રચાર અને રક્ષણ માટે દેશના ચાર ખૂણે ચાર મઠ સ્થાપ્યા તથા પોતાના મુખ્ય શિષ્યોને મઠાધીશ બનાવ્યા. આ મઠો દક્ષિણમાં શૃંગેરીમાં, પશ્ચિમમાં દ્વારકામાં, ઉત્તરમાં બદરીનાથમાં અને પૂર્વમાં જગન્નાથપુરીમાં સ્થાપ્યા. એક પરંપરાગત માન્યતા એવી છે કે પાંચમો મઠ કાંચીમાં સ્થાપ્યો. તેમના દશનામી સંપ્રદાયના સંન્યાસીઓ આ દસમાંથી એક નામથી ઓળખાય છે – ગિરિ, પુરી, ભારતી, સરસ્વતી, તીર્થ, આશ્રમ, વન, અરણ્ય, પાર્વત, સાગર. અનુભૂતિની કક્ષા અનુસાર તેઓ બ્રહ્મચારી, દંડી, પરિવ્રાજક અને પરમહંસ કહેવાય છે.આ સિવાય તેમણે બ્રહ્મસૂત્રભાષ્ય', 'બૃહદારણ્યકોપનિષદ્ભાષ્ય', 'તૈત્તિરીયોપ-નિષદ્ભાષ્ય', 'છાન્દોગ્યોપનિષદ્ભાષ્ય', 'ઐતરેયોપનિષદ્ભાષ્ય', 'ઈશોપનિષદ્ભાષ્ય', 'કઠોપનિષદ્ભાષ્ય', 'કેનોપનિષદ્ભાષ્ય', 'કેનોપનિષદ્વાક્યભાષ્ય', 'મુંડકોપનિષદ્ભાષ્ય', 'પ્રશ્નોપનિષદ્ભાષ્ય', 'ભગવદ્ગીતાભાષ્ય', 'માંડૂક્યોપનિષદ્ભાષ્ય', 'ગૌડપાદ-કારિકાભાષ્ય', 'ઉપદેશસાહસ્રી' વગેરે ગ્રંથો અને ભાષ્યોની રચના કરી, હિંદૂ સાહિત્ય અને સંસ્કૃતિ નું ગૌરવ વધાર્યું.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No: OO59

વિષય :આતંકવાદ

પ્રકાર:હાઈકુ પાંચ

છે બહાદુર
ઘણા ? પણ મારે
પ્યારે,નિઃશસ્ત્ર !

માનવ જાત
છે આજે ભયભીત,
આતંકવાદ !

ન જાત ભાત !
ન દયા માનવતા ?
તેજ આતંકી !

સમય આવ્યે
સફાઈ આતંકીની ?
ભારત હાથે !

સમસ્ત વિશ્ર્વ
આજ ઘેરાયેલુ છે
મૂસ્લીમોથી જ !

જયકાંત ઘેલાણી.×પ્યારે×

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: NOG SS No :-168

વિષય:-આતંકવાદ ,આત્મરક્ષણ, આત્મસંરક્ષણ

શીર્ષક :- પાપાચાર

પ્રકાર:- ગદ્ય સંખ્યા:-૩૪૭

મનુષ્ય દ્વારાજ બદલા ની ભાવનાથી મનુષ્યને પીડા પહોંચાડવી, બર્બરતા આચરવી,ભયનો માહોલ ઊભો કરવો એટલે આતંક કહેવાય છે, આજે ઘરોમાં, દાંપત્ય જીવનમાં, મિત્રતામાં, રાજકીય દળમાં, કુટુંબ-પરિવારમાં આવાં આતંક જોવામાં આવે છે, આવાં પ્રકારનાં આતંકમાં એકબીજાનું મર્ડર પણ કરી નાંખતા હોય છે.!!

અને પ્રકૃતિ દ્વારા થતી સમગ્ર સૃષ્ટિમાં વિનાશ રૂપે ધરતીકંપ, વાવાઝોડું ,જળપ્રલય થી પશુઓ પંખીઓ જાનવરો, મનુષ્યનું મૃત્યુ ને આપણે ‘આતંકવાદ‘ નું નામ ન આપીને ઈશ્વરીય પ્રકોપ કહેતાં હોય છે. અને આવાં પ્રકારનાં વિનાશ ને સહજતાથી સ્વીકારી લેતાં હોઈએ છીએ. ભારતીય ભક્તગણ આધ્યાત્મિક તરફ વળેલા હોય સંસ્કાર સ્વભાવથી દુશ્મનનો સામના કરવામાં નબળા રહ્યાં છે..!! પોતાની સુરક્ષા ની જવાબદારી સૈનિકો ઉપર છોડી દે છે.!? ??

‘અહિંસા પરમો ધર્મ‘

અંગ્રેજોએ જલિયાવાલા કાંડ રચ્યું, મુસલમાનોએ ભારત પર શાસન કરી ગયાં, સોમનાથ મંદિર વારંવાર લૂંટાયો, મહેમુદ ગજનવી હુમલો કરી લૂંટ મચાવી, મુસલમાનોએ ભારત પર શાસન કરી, ‘અહમદાબાદ‘ નામ પાડ્યું..!?

એક સમયે આતંક સામે મહારાણા પ્રતાપ, શિવાજી, રાણી લક્ષ્મીબાઈ, સુભાષચંદ્ર બોઝ, ચંદ્રશેખર આઝાદ જેવાં અનેક શૂરવીર યોધ્યા દુશ્મનો સામે લડ્યાં છે. અને પોતાની આહુતિ આપી છે, પરંતુ આતંકવાદીઓ સાથે લડવું સામાન્ય નાગરિકનું કામ નથી.

આતંકવાદની ચોક્કસ વ્યાખ્યા બાબતે અલગ અલગ મતમતાંતરો હોવાં છતાં મોટાં ભાગે નિર્દોષ નાગરિક, નિઃશસ્ત્રો અને સરકાર તરફથી વ્યવસ્થિત રીતે એક પ્રકારનો ડર ફેલાવવા માટે અને તેને કરીને પોતાનો રાજકીય સૈદ્ધાંતિક અથવા ધાર્મિક હેતુઓ માટે પ્રસાર માધ્યમોનું ધ્યાન ખેંચવા માટે જાણી જોઈને આચારવામાં આવેલી હિંસા અથવા હિંસાની ધમકી ભયને ‘આતંકવાદ‘ તરીકે ઓળખવામાં આવે છે.

આપણી સુરક્ષા વિશે કહું તો ભગવાન એક શિવ બાબા સિવાય કોઈ નથી.જો સરહદ પરનાં સૈનિકોથી લઈને આમઆદમી આતંકવાદીઓનાં શિકાર થાય છે તો આત્મસુરક્ષા કોની પાસે માગવી..?? બચાવ તો ફક્ત સુરક્ષાનાં કમાન્ડોની સાથે ફરતાં રાજાઓનો છે.

મૂળ આતંકવાદીઓની ઉત્પત્તિ સંસ્કારથી પ્રભાવિત કરી, તેમને શિક્ષણ અને ટ્રેનિંગ આપી આતંકવાદી બનાવવામાં આવે છે. અને તેઓ પોતાનાં લક્ષને હાંસલ કરી મૃત્યુને ભેટે છે.

એટલે જ તેઓએ રાજસ્થાનમાં કનૈયાલાલનું શરીરથી ગરદન અલગ કરી નાખી અને આપણે શું કર્યું..!?

આપણામાં ધર્મને લઈને અને રાષ્ટ્રને લઈને કોઈપણ પ્રકારની કટ્ટરતા નથી,આત્મરક્ષણ અને આત્મસંરક્ષણ માટે રાજયોગ મેડીટેશન અપનાવો. અને પોતાનાં સ્વરક્ષણ ખાતર હરપળ એલર્ટ રહો, મોજ શોખ સુવર્ણ મુદ્રા યાત્રા તમને નહી બચાવે, દુશ્મન આવીને તમને ગમે તે સ્થળે મારી જશે, પાસે ઉભેલો હવલદાર ગાયબ થઈ જશે...!!

ડો કનૈયાલાલ માલી ‘ઉત્સવ‘

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS:No :384.

વિષય:આતંકવાદ ★. શીર્ષક:★આતંકવાદ પોષનાર રાષ્ટ્રનો વિનાશ નિશ્ચિત.★ પ્રકાર :ગદ્ય સંખ્યા ૨૩૦. આતંકવાદ એટલે એક વિકૃત મગજ ધરાવતો માનવ ચ્હેરો. આ એવો અધર્મી અને વિધર્મી રાક્ષસી વૃત્તિ ધરાવતો કાળમુખો ચ્હેરો છે કે જેમ મરઘી ઈંડુ મૂકે અને જે બચ્ચું બહાર આવે તે રીતે ફૂટી નીકળેલો. બાવળિયાનું લાકડું ગમે તેટલુ ઝાડું પણ છેવટે કોલસો પાડવા વપરાય તેવું જીવન જીવતો અને કાળો થાય તે કલંકિત કહેવાય એને ચંદનના તેલમાં નવડાવો તો પણ મેલો એ આતંકવાદ. સામાજિક કે ધાર્મિકતાનો છાંટોય ન હોય હળાહળ ઝેરથી અધર્મી વિચારોથી ખદબદતો. જે ચંદ્ર તારા અને પૃથ્વીને જોયા વગર સતત ક્રૂરતાથી હવામાં ચાલતો દિશા વિહિન, પોતાની છાતી ઉપર જીવતા બોમ્બ અને ખભે રાયફલોને લટકાવી કરતુસોને સિંગ ચણાની જેમ ખિસ્સા ભરી ,દયા વિહિન અને નિર્દોષ લોકોની જાન લેતો આ નરાધમ ચ્હેરો એટલે આતંકવાદી. ફક્ત ને ફક્ત પોતાના આકાઓને ખુશ કરવા પોતાના જીવનને ખાખ કરનાર આ આતંકવાદ કેટલાય નિર્દોષ કુટુંબોને નષ્ટ કરી પોતાની જાતને મહાન સમજે છે તે ખરેખર આવનારા સમયમાં ખતરનાક સાબિત થઈ શકે છે. આવા ચહેરાને ઓળખવા માં ઘણી વાર ભૂલ થાય છે, ત્યારે દેશ અને સમાજને મોટું નુકશાન પહોંચાડે છે. જે રાષ્ટ્ર આવા ક્રૂર વિચારો વાળા લોકોને પોષે છે અને મોટા કરે છે તે રાષ્ટ્રનો વિનાશ નિશ્ચિત હોય છે તે કોઈ પણ રીતે થઈ શકે છે. કુદરતી પણ હોય શકે અથવા તેણે પાળેલા આવા નિર્દયી લોકો જ તેનો વિનાશ કરે છે.તે સત્ય છે.સમય જરૂર લાગે પણ ૧૦૦% તે તેણે ભોગવવું જ પડે છે.વિશ્વના દરેક દેશના નાગરિકોએ સંકલ્પ કરવો જોઈએ કે આતંકવાદને નષ્ટ અને નાબૂદ કરવા એક થવું જોઈએ. ★ડૉ સતિષ એસ. પટેલ ×પ્રકૃતિ રક્ષક×અમદાવાદ.★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO - 191

વિષય : આતંકવાદ...

શીર્ષક : હવે જંગ જરૂરી છે....

પ્રકાર - પદ્ય શબ્દો : ૧૩૫

જો તમે ઈચ્છો છો કાયમી રહે અમન, તો બંડ જરૂરી છે,
જો કરે નાપાક હરકતો તો સબક શીખવવા દંડ જરૂરી છે.

જો ઉડાડશો શાંતિના કબૂતર તો એને ઉડાવશે ગોળીએ,
બહુ ફરકાવ્યા સફેદ વાવટા હવે તો કેસરિયો રંગ જરૂરી છે

આદેશ કરો ફૌજ ને કરે સફાયો આંતકીઓ ના આકાઓ નો,
વીણી વીણી ને મારો જાલીમ જલ્લાદો ને,હવે અંત જરૂરી છે.

આ તોપો,બંદૂકો,મિસાઈલો ને વિમાનો શોખ માટે વસાવ્યા છે,
આવી ગયો છે સમય એનો,ઉપયોગ એનો અંધાધૂન જરૂરી છે.

સતાવ્યા કેવા પહેલગામ ને પુલવામા જઘન્ય હત્યાકાંડ કરી ને,
કાઢી નાખો કચ્ચરઘાણ એનો પણ, હવે મોટો હડકંપ જરૂરી છે.

આ તિરંગામાં લપટેલી જોઈ અમે લાશો ઘણી વીર જવાનોની,
સંગીનોમાં લટકાવી લાવો માથા શત્રુના હવે એ ઉમંગ જરૂરી છે.

થુકશે જગત આખુ હિન્દુસ્તાન ની આ નામરદાઈ ને નામોશી પર,
× મિત્ર × લડી લ્યો તમે ‘ આ પાર કે પેલે પાર ‘ હવે જંગ જરૂરી છે.

વિનોદ સોલંકી મિત્ર લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO : 140

વિષય: આતંકવાદ, આત્મરક્ષણ, આત્મસંરક્ષણ

શીર્ષક: સંભવામિ યુગે યુગે

પ્રકાર: હાઈકૂ. શબ્દો: ૬૨

આતંકવાદ
ના કોઈ જાત ધર્મ
આસુરી વૃત્તિ

પાપનો ઘડો
નિર્દોષ હણી ભરે
મૂછે તાલ દે

આ ગાંધી નથી
એક ગાલે ખાઈ ને
બીજો ધરશે

દોષ નથી કે
હણે તેને હણવો
કૃષ્ણ સંવાદ

સહી સો ગાળ
શીશુપાલને હણ્યો
સુદર્શન થી

પરિત્રાણાય
સાધુનામ્ વળતો
ઘા હરિ કરે

આતંકી કર્મે
સાવજને છંછેડ્યો
ભોગવ હવે

દંગ જગત
જોતું રહી જશેને
પાપી હણાશે

હેમા ત્રિવેદી ...કૃષ્ણ પ્રિયા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO: 382

વિષય × આતંકવાદ,આત્મરક્ષણ -

શીર્ષક- છે આતંક વિશ્વે મહા દૂષણપ.

પ્રકાર : પદ્ય - શબ્દો : ૧૫૨

? છે આતંક વિશ્વે મહા દૂષણપ.
?
?છે આતંક વિશ્વે મહા દૂષણ
લૂંટે માનવતાનું એ આભૂષણ
ના કદર આદર કરુણા, કે ધર્મ પથ જગ કલ્યાણી,
હિંસા ધૃણા ને કરી ધારણ, ફરે જુલ્મી જ અધર્મી

વક્રગતિ વિશ્વની કરે દુર્મતિ
છે જ આતંક ધૃણાની જનની
પોષે વિકૃતી ધર્મ અફિણે, છે આતંક
આભાર - નિહારીકા રવિયા વિધ્વંસક
ભલે કરે અટ્ટહાસ્ય મદે એ,રૂઠશે દૈવ જ નિશ્ચય

વિશ્વરાજકારણ દીસે અંધાપું કેદી
કાં' શૌર્ય ત્યજી બેઠી આ ધરણી?
કાશ્મિર જન ઉર ખુશહાલી કરતી આક્રંદ, ઓ નિષ્ઠુરી,
પહેલગાંવની સુંદર લીલીધરા, અચાનક સુણે ભય ચિત્કારી,

ઉપદેશ વ્યર્થ આલાપો માનવતાના,
ત્રસ્ત ત્રસ્ત વિશ્વ, ગ્રહે આતંકી છાયા.
વિશ્વ સ્તબ્ધ, ભારતની પ્રજા રોષે પોકારે દંડો
હવે કરો ઘાત વિધ્વંસક ,ન પાપી બચને પાયે

કરો ઘા કારમો તાકાત ત્રિરંગી
શૌર્ય ધરાનું કોટિ બાહુબળી
રક્ત રંજીત દાનવતા થાય ધરાશાયી, દહાડો કલ્યાણી,
ખોલી ત્રીજું નેત્ર, કરો ભસ્મ, ભસ્માસુરી આતંકી ટોળી,

રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG* *SS* *No.* *0185.*

વિષય:- × આતંકવાદ,આત્મરક્ષણ - આત્મસંરક્ષણ×

શીર્ષક:- યુદ્ધ એ જ કલ્યાણ

પ્રકાર:- કાવ્ય, શબ્દ સંખ્યા:- ૧૩૬.

આંતક મચાવ્યો વાદ કરીને, ધર્મને હથિયાર બનાવીને કર્યો પ્રહાર, પહેલગાવમાં માનવતાનું કર્યું ખૂન દુશ્મને, નિર્દોષો પર કર્યો પ્રહાર,

નવોઢાની હાજરીમાં ભરથારના નામનું, સિંદૂર મિટાવી કર્યો પ્રહાર,
ભારતીય છવ્વીસને ભેગા કરી, ને હિન્દુત્વને મીટાવવા કર્યો પ્રહાર,

આંતકવાદનું મોં છે કાળું, સામે થઈને પરમાણુની ઢાલે કરે ચિત્કાર,
રાક્ષસ બની ઠેર ઠેર કરે સંહાર, ને ઘાયલો પીડાઓથી કરે ચિત્કાર,

આત્મરક્ષણ ને આત્મસંરક્ષણે, યુવાનોને દેશનાં રક્ષણે કરો તૈયાર,
ભાઈચારો રાખી સહન કર્યું સહુએ, દગો ખાવાને નથી કોઈ તૈયાર,
શ્રીકૃષ્ણે આપ્યો ઉપદેશ અર્જુનને, મોહ છોડી યુદ્ધે તું ચઢાવ બાણ,
લોહીનાં આંસુએ રડે માનવતા, ને રખેવાળીએ રક્ષણે ચઢાવો બાણ,
ત્રણ પાંખના વડાઓ કરો તૈયારી, ને દુશ્મનના છક્કા છોડાવો અપાર,
સનાતન ધર્મનો પાયો છે મજબૂત, એના રક્ષણે હામને ભીડો અપાર,
રણક્ષેત્રે તમો પ્રવેશ લઈને ધ્યેય રાખો, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ,
‘ઝરૂખો’ બોલે સનાતન હિંદુ માફ ન કરશો કદી, બદલો છે કલ્યાણ.

-દિલીપ સી. સોની ‘ઝરૂખો’ અમદાવાદ.

# સુરત મહાનગરપાલિકા હદ વિસ્તરણ દરમિયાન નવા સમાવેશ થયેલા ગામોને શહેર સાથે જોડતા માર્ગોના વિકાસ માટે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

સુરત, તા. ૨ મે ૨૦૨૫: સુરત મહાનગરપાલિકા હદ વિસ્તરણ દરમિયાન નવા સમાવેશ થયેલા ગ્રામ્ય વિસ્તારોને શહેર સાથે અસરકારક રીતે જોડવા તેમજ માર્ગ વ્યવસ્થા, યાતાયાતને વધુ સુગમ અને સરળ બનાવવા માટે રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સુરત મનપા અને મહાનગરપાલિકા અને શહેર વિકાસ વિભાગના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.જમીનમાલિકોની મિલકતોમાંથી કાયદેસરની પ્રક્રિયા દ્વારા કબજો મેળવી જરૂરી માર્ગોનું નિર્માણ કરવામાં આવે તે અંગે શિક્ષણ રાજ્ય મંત્રી અને કામરેજ વિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રફુલ પાનશેરીયાએ અધિકારીઓ સાથે ઝીણવટભરી ચર્ચાવિચારણા



કરી હતી.

મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શહેરી વિસ્તારની વધતી વસ્તીને ધ્યાને લઈને લોકોને વધુમાં વધુ સુવિધાઓ મળી રહે તે માટે શહેરી વિસ્તારનું વિસ્તરણ કરીને વધુ ગામોને સુદ્રઢ કનેક્ટિવિટી સાથે જોડવામાં આવ્યા છે, ત્યારે મહાનગરપાલિકા તેમજ સંબંધિત વિભાગોના અધિકારીઓને વિકાસના કામોમાં વિલંબ ન કરવા અને અને જનહિતમાં જરૂરી તમામ પગલાંઓમ લઈને વિકાસકામોને ઝડપથી પૂર્ણ કરવાની સ્પષ્ટ સૂચના આપી હતી. શહેરના વિસ્તરણ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સુનિયોજન પણ યોગ્ય અને ઝડપભેર થવું જોઈએ એ વિષય પર પણ તેમણે ભાર મુક્યો હતો. શ્રી પાનશેરીયાએ ઉમેર્યું કે, શહેરના વિસ્તરણની દિશામાં ઉદાહરણરૂપ આયોજન અને કાર્યાન્વયન દ્વારા નવી વસાહતોને પૂરતી સુવિધા તેમજ જોડાણ પૂરું પાડવું રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા છે. નાગરિકોના સહયોગ અને સમજદારીથી આ કામગીરી વધુ ઝડપી અને અસરકારક બનશે. શહેરોમાં પ્રાથમિક સુવિધાઓ, રોડરસ્તાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસનનું દાયિત્વ છે જ, સાથોસાથ નાગરિકોના સહયોગ, સ્થાનિક સંસ્થાઓની ભાગીદારી અને વિઝનથી ભરેલા આયોજનની ભૂમિકા પણ અપેક્ષિત હોવાનો મત વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં સુરત મનપા અને શહેર વિકાસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આજ રોજ ગુજરાત સ્થાપના દિન નિમિત્તે નેહરુ બ્રીજ પાસે શ્રીઇન્દુલાલ યાજ્ઞીકજીની પ્રતિમાને તથા મહાગુજરાત ચળવળમાં શહીદ થયેલા તમામ વીરોને શહીદ સ્મારક, ભદ્ર ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઇ શાહજી ,મેયરશ્રી પ્રતિભા બેન જૈન, સાંસદસભ્યશ્રીઓ , ધારાસભ્યશ્રીઓ , કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ , હોદેદારોશ્રીઓ તથા કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક ખેતી અંગેની સમીક્ષા બેઠક યોજાઇ

જેમાં કલેક્ટરશ્રીએ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડુતોની માહિતી મેળવી સરકાર દ્વારા આપવામાં આવેલ પ્રાકૃતિક ખેતી માટેના તાલીમ સહાય ખર્ચ, દેશી ગાય નિભાવ ખર્ચ, સંપૂર્ણ રસાયણ મુક્ત ડાંગ યોજનામાં થયેલ કામગીરી, પ્રાકૃતિક ખેત પેદાશનાં વેચાણ વ્યવસ્થા માટે કરેલ કાર્યવાહીની સમીક્ષા કરી હતી. ડાંગ જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે ત્યારે પ્રાકૃતિક ખેતીની પ્રોડક્ટ ડાંગની ઓળખ બને તે માટે વિવિધ સંગઠનો ઊભાં કવાં, તેમજ પ્રાકૃતિક પ્રોડક્ટને ડાંગની ઓળખ



બનાવવાની દિશામાં કાર્ય કરવાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું. પ્રાકૃતિક ડાંગ જિલ્લામાં હાલમાં ૪ ર્હૈ કાર્યરત છે. જેમાં વધારો કરી વધારે ખેડૂતોને જોડવા કલેક્ટરશ્રીએ સૂચન કર્યું હતુંપ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને સ્થાનિક કક્ષાએ જ ઓર્ગેનિક સર્ટિફિકેશન મળી રહે, સ્થાનિક બજાર વ્યવસ્થામાં સુધારો કરી ડાંગ બહાર પણ અન્ય જિલ્લા અને રાજ્યોમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોનું વેચાંણ થાય તે માટે ખેડુતોને પ્લેટફોર્મ પુરૂં પાડવા જણાવ્યું હતું. આ સાથે જ ડાંગ નજીકના વિસ્તારોમાં બજાર વ્યવસ્થા ઊભી કરી ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા પણ ડાંગની પ્રોડક્ટનું વેચાણ થાય અને પ્રાકૃતિક કૃષિની સાથે માર્કેટિંગ વ્યવસ્થા ઊભી થાય તે દિશામાં કાર્ય કરવાં સુચવ્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ બેઠકમાં ડાંગ જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજ સુથાર, ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર શ્રી એસ.ડી.તબીયાર, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી સંજય ભગરિયા, નાયબ બાગાયત નિયામક શ્રી ટી.એમ.ગામિત, પશુપાલન અધિકારી શ્રી હર્ષદભાઇ ઠાકરે, જિલ્લા પંચાયત ખેતીવાડી અધિકારી શ્રી હર્ષદભાઇ પટેલ સહિતના અધિકારીઓ અને સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# અબ કી બાર મહેંગાઈ અપાર' નારો ભાજપાની નવી ઓળખઃ કૂદકે – ભૂસકે વધી રહેલી મોંઘવારી-બેરોજગારીને રોકવામાં ભાજપ સરકાર નિષ્ફળ

'અચ્છે દિન', 'અમૃતકાળ' જેવા નીતનવા નારાઓથી સામાન્ય-મધ્યમ વર્ગના લોકોનું પેટ ભરાતું નથીઃ મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ વક્તવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપે.

બેફામ મોંઘવારી અને સતત ભાવ વધારાથી ગુજરાત અને દેશની જનતા પીસાઈ રહી છે ત્યારે 'અચ્છે દિન' અને 'બહુત હુઈ મહેંગાઈ કી માર' જેવા રૂપાળા સુત્રો આપતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે મોઘવારીના મારથી દેશમાં ગૃહિણીઓ-સામાન્ય-મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ ગયું. સતત વધી રહેલી મોંઘવારીમાં 'અબ કી બાર મહેગાઈ અપાર'નો નારો ભાજપાની નવી ઓળખ બની ગઈ છે. મોઘવારી હટાવવા માટેના ''અચ્છે દિન' અને 'બહુત હુઈ મહેગાઈ કી માર' જેવા ભાજપના સુત્રો ખોખલા સાબિત થાય છે. ઘરેલુ ગેસ સીલીન્ડર કોંગ્રેસ શાસનમાં ૪૧૫ રૂપિયા મળતો હતો તે આજે ભાજપ સરકારમાં ૧૧૦૦ રૂપિયા જેટલો અતિ મોંઘો થયો છે. વર્ષ ૨૦૧૪માં સીએનજી ૩૮.૧૫ પ્રતિ કિલો હતું જે વર્ષ ૨૦૨૫માં ૮૧.૩૮ રૂપિયાને પાર, વર્ષ ૨૦૧૪માં પેટ્રોલ ૭૦ પ્રતિ લીટર હતું જે વર્ષ ૨૦૨૫માં ૯૬ને પાર, વર્ષ ૨૦૧૪માં ડીઝલ ૫૬ પ્રતિ લીટર હતું જે વર્ષ ૨૦૨૫માં ૯૦ને પાર થયું છે. આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલમાં સતત ઘટાડો હોવા છતાં ભાજપ સરકાર છેલ્લા દશ વર્ષમાં ૧૪૦ કરોડ નાગરિકોના ખિસ્સામાંથી ૩૦ લાખ કરોડ રૂપિયાની લુંટ ચલાવી છે, આ છે ભાજપ સરકારની લુંટનું મોડેલ ! આર્થિક પારાવાર મુશ્કેલીથી દર મહિને એક પરિવાર સામૂહિક આત્મહત્યા કરી રહ્યો છે.

મોંઘવારીની ભેટ આપનાર મોદી સરકાર – ભાજપ સરકાર ને લીધે જનતા વારંવાર પરેશાનીનો સામનો કરી રહી છે. એક બાજુ પરિવારોની આવક સતત ઘટતી જાય છે અને બીજી બાજુ ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. જે સામાન્ય અને મધ્યમ વર્ગ માટે ભારે ચિંતાનો વિષય છે. મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ વક્તવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપે, અચ્છે દિન, અમૃતકાળ જેવા નીતનવા માર્કેટિંગ નારાઓથી સામાન્ય-મધ્યમ વર્ગના લોકોનું પેટ ભરાતું નથી. રૂપાળા સુત્રો દ્વારા ભ્રામકતા ઉભી કરી સત્તા મેળવનાર ભાજપ સરકારે દેશની જનતા સાથે છેતરપીંડી કરી છે. ભાજપ સરકારના લુંટકાળમાં જાન લેવા મોંઘવારીમાં જનતાની બચત પર રોજ લુટ ચાલી રહી છે. રોજીંદા જીવનની ખાવાપીવાની ચીજવસ્તુઓ તો અસહ્ય મોઘી થઇ જ છે. ખેડુતોને પૂરતા ભાવ મળતા નથી. વચેટીયાઓ બેફામ લુંટ ચલાવે છે. કાળા બજારીયા - સંગ્રહખોરો માલામાલ થઈ રહ્યા છે. આસમાને મોંઘવારીથી લાખો પરિવાર મુશ્કેલીમાં મુકાયા છે. સંગ્રહખોર-કાળા બજારિયાઓ માટે 'અમૃતકાળ' છે. ભાજપ સરકાર કેમ આવા સંગ્રહખોરો - કાળા બજારીયાઓને રક્ષણ આપી રહી છે ? તેનો જવાબ આપે.

# ડીસા ટ્યુશન ક્લાસિસ એસોસિયેશન દ્વારા ભગવાન પરશુરામની રથયાત્રા નું ફુલહાર સાથે પુષ્પ વર્ષા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

તારીખ ૨૯/૪/૨૦૨૫ ને ( મંગળવાર ) ના રોજ શ્રી વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર ચિરંજીવી ભગવાન પરશુરામનો જન્મોત્સવ ઉજવાયો હતો જે નિમિત્તે બનાસકાંઠાના ડીસા નગરમાં ભગવાન પરશુરામની નગરયાત્રા નીકળી હતી આ યાત્રા જ્યારે બગીચા નજીક અગ્રસેન મૂર્તિ પાસે પહોંચી ત્યારે ડીસા ટ્યુશન ક્લાસીસ એસોસિએશન દ્વારા ભગવાન પરશુરામની પ્રતિમા અને યાત્રીઓનુ ફૂલહાર અને પુષ્પો દ્વારા ભવ્ય સ્વાગત કર્યું હતું.

જેમાં ડીસા ટ્યુશન ક્લાસીસ એસોસિએશન ના શિક્ષક મિત્રો પુરુષોત્તમભાઈ પુરોહિત, અંકુરભાઈ ચોખાવાલા, મહેશભાઈ મુલાણી, અરવિંદભાઈ માળી, વિજયભાઈ પટવા, જીગ્નેશભાઈ પંચાલ, નરેશભાઈ ચૌધરી જેવા શિક્ષકો દ્વારા યાત્રા નું ભવ્ય સ્વાગત કરાયું હતું . જેમાં ડીસા ના સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાત અને અનુભવી અંકુરભાઈ ચોખાવાળા એ જણાવ્યું હતું કે જેમ ભગવાન





પરશુરામે ૨૧ વખત ધરતી ને દુરાચારી ,અત્યાચારી અને પાપીઓ થી મુક્ત કરી હતી તેમ સમય આવી ગયો છે કે ભગવાન પરશુરામ પાસેથી શીખી અને ભારત સંઘમાંથી આવા પાપીઓ, ગદારો અને આંતકવાદીઓનો સફાયો કરવામાં આવે અને ભારતને માત્ર સનાતન ધર્મ થી રચિત કરવામાં આવે તેમજ હિન્દુ રાષ્ટ્ર બનાવવામા આવે..

# અમૂલ 'બેસ્ટ ઓફ ફાર્મર' થકી 'ટેસ્ટ ઓફ ઈન્ડિયા' બન્યું છે,તે અમૂલને આજે 'રેસ્ટ ઓફ ફાર્મર' બનાવી દીધુ છે. - મનહર પટેલ

૨૦૧૬ મા મોદી સરકારે ખેડૂતોની આવક ૨૦૨૨ માં બમણી કરવાનુ વચન આપ્યુ તેમ ૨૦૧૯ ના બજેટમાં પશુ પાલકોની આવક ૨૦૨૫ માં બમણી કરવાનુ વચન આપ્યુ હતુ. બંને વચનો જુમલા અને ખેડૂતોની મશ્કરી બરાબર સાબિત થયાપ.

ભાજપા સરકારમા ખેતી મરણ પથારીએ ઉભી છે, એ ભાજપા સરકારનુ લક્ષ મુજબનુ પરિણામ છે, ખેતીને અને ખેડૂતને સઘન અને સધ્ધર બનાવવાનો ઈરાદો હોય તો સરકાર ખેડૂત સાથે વેપારી ધોરણે નહી અન્નદાતા સમજીને વહેવાર કર્યો હોતપ

પશુ પાલકોના ભોગે કોર્પોરેટને ગોદમાં બેસાડીને ભાજપા સરકાર સ્વ ત્રિભુવનદાસભાઇ પટેલના સપનાને ચકનાચુર કરી રહી છે.

# સ્વ. ચંદુભાઈ સંઘાણીના સ્મરણાર્થે આયોજિત ભાગવત સપ્તાહ માત્ર શ્રદ્ધાંજલિ જ નહીં પણ સમાજને આધ્યાત્મિક માર્ગ પ્રદાન કરવાનું એક માધ્યમ છે: દિલીપ સંઘાણી















શ્રીમદ્ ભાગવત કથા માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ તે માનવ જીવનના આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક મૂલ્યોનો સાર પણ રજૂ કરે છે. આ કથા ભગવાન શ્રી કૃષ્ણના કાર્યો દ્વારા ભક્તિ અને જ્ઞાનનો માર્ગ દર્શાવે છે. આપણને જીવનમાં ધર્મ, ભક્તિ, સેવા, બલિદાન અને સાચા જ્ઞાનનો અનુભવ કરાવે છે. ભાગવત સાંભળવાથી, માનવ આત્માની શુદ્ધતા, વિચારોમાં સ્થિરતા અને કાર્યોમાં સત્વ પ્રાપ્ત કરે છે. આ કથા તમામ વર્ગો અને ઉંમરના લોકો માટે આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે કામ કરે છે, જે વ્યક્તિને આત્માના સાચા સ્વભાવ સાથે જોડે છે અને જીવનના ઊંડા રહસ્યોને સમજવા માટે પ્રેરણા આપે છે. જ્યારે સમાજમાં આવી કથાઓનું આયોજન કરવામાં આવે છે, ત્યારે માત્ર શ્રોતાઓ જ આધ્યાત્મિક ઉર્જાથી ભરાઈ જતા નથી, પરંતુ સમગ્ર વાતાવરણમાં પણ સકારાત્મક પરિવર્તન આવે છે.કથામાં સતાધાર થી પૂજ્ય વિજયબાપુ, દાનમહારાજની જગ્યા, ચલાલા થી પૂજ્ય વલકુ બાપૂ, માનવ મંદિરનાં પૂજ્ય ભક્તિરામ બાપુ, પાળીયાદથી પુ. વિસામણબાપુની જગ્યાના પ્રતિનિધિ તરીકે મણિરામ મહારાજ સહિતના પૂજ્ય સંતો તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના સાંસદ શ્રી પરષોત્તમભાઈ રૂપાલા, અમર ડેરીનાં અધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ સાવલીયા, જીતુભાઈ ડેર, બેચરભાઈ ભાદાણી, ઝીણાભાઈ વઘાસીયા, કાળુભાઈ સંઘાણી, જયંતિભાઈ સંઘાણી, જયસુખભાઈ સંઘાણી, અમર ડેરીનાં ઉપાધ્યક્ષ શ્રી મુકેશભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ શ્રી મનીષભાઈ સંઘાણી સહિત રાજદ્વારાએ થી વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

**ભાગવત કથા જેવા કાર્યક્રમો આપણી સંસ્કૃતિને જીવંત રાખે છે અને સમાજને સંયમ, સેવા અને સંસ્કૃતિનો માર્ગ બતાવે છેઃ દિલીપ સંઘાણી**

**ભાગવત કથા આત્માને જોડે છે, મનને શાંતિ આપે છે અને જીવનને દિશા આપે છેઃ દિલીપ સંઘાણી**

**સ્વ. ચંદુભાઈ સંઘાણીના સ્મરણાર્થે સુખનાથ પરા યુવક મંડળ અમરેલી દ્વારા કથાવાચક શ્રી કૌશિક દાદાના દિવ્ય વ્યાસાસનમાં ભાગવત કથાનું આયોજન**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.